### સુરતના કતારગામ વિસ્તારમાં

# પતિના ઠપકાથી લાગી આવતાં પત્નીએ ગરમ પાણીનું તપેલું શરીર પર રેડયું

(સંવાદદાતા દ્વારા)

સુરત તા.૧૬

કતારગામ જીઆઇડીસીમાં રહેતા દંપત્તિ વચ્ચે પાણી ગરમ કરવા બાબતે થયેલી બોલાચાલીથી ઉશ્કેરાઇ જઇ પરિણીતાએ ગરમ પાણીનું તપેલું પોતાના શરીર ઉપર ઢોળી દેતા તે ગંભીર રીતે દાઝી ગઇ હતી.જેને તાત્કાલીક સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડાઇ હતી. જ્યાં તેણીની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર કતારગામ નવી જીઆઇડીસી હનુમાનજી નગર નં.૯માં રહેતા ગણેશભાઇ જૈન ગતરોજ રાત્રે કામ પરથી ઘરે આવ્યા હતા થાકના કારણે ગણેશભાઇએ પત્ની રુણુબેન ઉ.વ.૨૫ને પાણી ગરમ કરવા માટે કહ્યું હતું જેથી રુણુબેને પાણી ગરમ કર્યુ હતું જોકે આ દરમિયાન પાણી ગરમ કરવાના મુદ્દે જ બંને વચ્ચે બોલાચાલી થઇ હતી. ગણેશભાઇએ પત્ની રુણુબેને એલફેલ બોલતા તેણીને માઠું લાગી આવ્યું હતું. જેથી તેણીએ પતિ માટે ગરમ કરેલું પાણી ભરેલું તપેલું પોતાના શરીર પર ઢોળી દીધું હતું. જેથી રુણુબેને મોઢાના, છાતીના, પેટના ભાગે ગંભીર રીતે દાઝી ગઇ હતી. જેથી તેણીને તાત્કાલીક સારવાર માટે તેનો પડોશી યુવાન રવિ સ્મીમેર હોસ્પિટલમાં લાવ્યો હતો. બનાવની જાણ થતા કતારગામ પોલીસે રુણુબેનનું બયાન નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### સુરતના ઉધના વિસ્તારમાં

## આંગડિયા લૂંટની ઘટનામાં વધુ એકની ધરપકડ

સુરત તા.૧૬

ઉધના વિસ્તારના રોડ નં.૪ ઉપર આવેલી રમેશ પટેલ આંગડિયા પેઢીમાં થયેલી લૂંટની ઘટનામાં પોલીસે વધુ એક આરોપીને ઝડપી પાડ્યો હતો.

પોલીસ ઝડપી પાડેલા આરોપીમાં સલીમ ઉર્ફે સલીમ મરીયમ અન્સારી

## સુરત ખાતે ગેરેજમાં આગ લાગતાં ચાર વાહનો બળીને ખાખ

(સંવાદદાતા દ્વારા)

સુરત તા.૧૬

મોડીરાત્રે સવા ત્રણ વાગ્યના સુમારે સરદાર બ્રિજ પાસે કાજપા ગેરેજમાં આગ લાગતા ૨ કાર અને ૨ મોટર સાઇકલને આગથી નુકસાન થયુ હતું.ફાયર વિભાગના સુત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર સરદાર બ્રિજ રૂપા રો હાઉસ નજીક કાજપા ગેરેજમાં એલેન્ટ્રા કારમાં આગ લાગી હતી. જીજ્ઞેશ યોગેશ દલાલની માલિકીની કાર સંપૂર્ણ બળી ગઇ હતી. ઉર્મીલા પ્રવીણ રાઠોડની માલિકીની વેગનઆર કાર નં.જીજે-૫-સીબી-૯૨૫૩ પણ આગમાં બળી ગઇ. આ ઉપરાંત એકટીવા જીજે-૫-સીડી-૩૯૩૯ અને પેશન મોટર સાઇકલને આગથી નુકશાન થયું હતું. આગના લીધે ચારેય વાહન



કરાર : વાઇબ્રન્ટ ગુજરાત સમીટ-૨૦૧૩માં કે.પી. એનર્જીએ વિન્ડ પાવર ક્ષેત્રે અને કે.પી. આઇ. ગ્લોબલ ઇન્ફ્રાસ્ટ્રકચરે સોલાર પાવર ક્ષેત્રે રાજ્ય સરકાર સાથે એમ.ઓ.યુ. કર્યા છે. કે.પી. એનર્જીની કંપની પાલીતાણા ખાતે તથા સોલાર કંપની ભરૂચના સુડીગામ ખાતે કાર્યરત કરાશે. કે.પી. ઇન્ડસ્ટ્રીઝ ગ્રુપના એમ.ડી. ફારૂક પટેલ ઉર્જા મંત્રી સાથે કરાર કરતા ઉપરોક્ત તસવીરમાં દશ્યમાન થાય છે.

## જામનગરમાં સ્ટ્રીટલાઇટના વિચિત્ર અખતરા કોઇનો જીવ લેશે

જામનગર,તા.૧૬

જામનગરમાં વ્હોરાના હજીરાથી રાજ પાર્ક તરફ જવાના માર્ગે આવેલા વર્ષો જૂના પુલને નવો બનાવવાનું ટેન્ડર અડધેથી રફેદફે કરી નાખ્યા પછી આ પુલ ઉપર નવી સ્ટ્રીટલાઇટ નાખવામાં આવી છે. જેના માટે પુલ ઉપર પાકું સ્ટ્રકચર ઉભું કરવાને બદલે જાહેર માર્ગો ઉપર તોડફોડ ન કરાવી પડે તે માટે મંડપ ઉભા કરવા માટે રાખવામાં આવતા તેલના ખાલી ડબ્બામાં લોખંડનો મસ મોટો પોલ ઉભો કરી દેવાયો છે. લાકડાનું પાતળું પોલ ઉપર સ્ટ્રીટ લાઇટ પણ લગાવી દેવાઇ છે. ભારે પવનના પ્રદેશવાળા જામનગરમાં આ થુંકના સાંધા જેવી વ્યવસ્થા કેવી રીતે ટકશે ? એ એક પ્રશ્ન છે. જો કે કોઇ શોક સર્કિટના સમયમાં લોખંડના પોલને લોખંડના વાયરથી પુલની લોખંડની રેલિંગ સાથે બાંધવામાં આવ્યો હોવાથી રાહદારીઓ માટે કેટલું જોખમ ઉભું થશે. તેની કોઇએ દરકાર કરી હશે કે કેમ તે પણ એક સવાલ છે.

**મેયરના માર્ગે અંધારા**

જામનગરના પ્રથમ

# કાપોદ્રામાં દીવાલ બાબતના ઝઘડામાં બે પરિવાર વચ્ચે ધિંગાણું : સામ-સામે રાવ

(સંવાદદાતા દ્વારા)

સુરત તા.૧૬

કાપોદ્રાના બરોડા પ્રિસ્ટેજ પાસેના મકાનની દિવાલ બાબતના નજીવા ઝઘડાની અદાવતમાં બે જુથો વચ્ચે ધીંગાણુ થવા પામ્યું હતું.આ ઘટનામાં પોલીસે સામસામી ફરિયાદો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર કાપોદ્રાના બરોડા પ્રિસ્ટેજ પાસેના રહેતાં બે પરિવારો વચ્ચે દિવાલ બનાવવાને લઇને પાછલા ઘણા સમયથી ઝઘડો ચાલ્યો કરતો હતો.અહીંના કિપના નિવાસ ખાતે રહેતાં એક ઘર પાસે જ એસ.ટી.ડી. બુથ ધરાવનાર ચેતન ચિમનભાઇ પટેલે કાપોદ્રા પોલીસ સમક્ષ આરોપીઓ મુકેશ ઓમ પ્રકાશ શર્મા,નાનલી ઉર્ફે શાંતીના મુકેશ ઓમ પ્રકાશ શર્મા (બન્ને રહે.૨૩,જય યોગેશ્વર સોસાયટી,સીતાનગર ચાર રસ્તા પાસે કાપોદ્રા, નૈનતા ઇન્દ્ર વદન રહે.બરોડા પ્રિસ્ટેજ, મુની રમેશ પટેલ, અંકીતા રમેશ પટેલ, સુધા રાજુ પટેલ, તરુણી રાજુ પટેલ, ધવલ રાજુ પટેલ, આરતી મુકેશ પટેલ પ્રવીણ, વિપુલ અકબરી, આશીષ રિક્ષાવાળાઓ વિરુધ્ધ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે પોતે ધંધા ઉપર હતા ત્યારે આરોપીઓએ એક સંપ થઇ પોતાને ત્યાં આવી એસ.ટી.ડી.બુથને પાડી નાંખી નુકશાન પહોંચાડી ઘરના સભ્યો ઉપર હુમલો કરી કાચા બુટ તથા ઇંટો પોતાના તથા ઘરના સભ્યો ઉપર ફેક્યા હતા. જ્યારે સામે પક્ષે નયનાબેન ઇન્દ્રવદન કાંતિભાઇ પટેલે કાપોદ્રા પોલીસ સમક્ષ આરોપીઓ ચેતન ચિમન પટેલ, મુકેશ ચંદ્રકાંત ગોહિલ રહે.બારાહજાર મહોલ્લો, નાનપુરા ડાહીબેન તે ચીમીન માલજી પટેલ વિધવા રહે.ક્રિષ્ણા નિવાસ, કાપોદ્રા જયાબેન ચેતન ચીમન પટેલ, નીલમ બેન ઉર્ફે સોનુ મનોજ ચીમના પટેલ, પાર્વતીબેન શાંતિલાલ પટેલ, મનોજ, ચીરાગ, પિન્કી, પરેશ, ચેતન, વિજય બગડુ તથા અન્ય આઠથી દસ ઇસમો વિરુધ્ધ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, દિવાલ બાબતે આરોપીઓ સાથે અગાઉનો પોતાનો ઝઘડો ચાલ્યો આવે છે. જેની અદાવત રાખી આરોપીઓએ એક સંપ થઇ પોતાની તથા નણંદની આબરુ લેવા અડપલા કરી, ઢીક્કા મુક્કીનો માર મારી અપશબ્દો બોલી, જાનથી મારી નાંખવાની ધમકી આપી સ્થળ ઉપરથી નસી ગયા હતા. આ બનાવો અંગે કાપોદ્રા પોલીસે સામ સામી ફરિયાદો લઇ કેટલાક આરોપીઓની ધરપકડ કરી હતી.

### કલેકટરની દરમ્યાનગીરી બાદ

## બીલીમોરાના રસ્તાના કામો શરૂ થતાં આંદોલન મોકૂફ રખાયું

(સંવાદદાતા દ્વારા)

બીલીમોરા, તા.૧૬

બીલીમોરા શહેરના રસ્તાના બારી રહેલ કામો અંગે જનજાગૃતિ અભિયાન અને આમરણ ઉપવાસની ચિમકી અપાઇ હતી. તેમાં કલેકટરની દરમ્યાનગીરીથી બાકી કામો શરૂ થતા આંદોલન મોકુફ રાખવાની જાહેરાત થઇ છે.

બીલીમોરા વોર્ડ નં. ૯ના ગૌહરબાગથી સરદાર માર્કેટ જતા રોડનું કામ શરૂ કરી દેવાયું છે અને બાકી રહેલા રસ્તાના કામોને સત્વરે શરૂ કરી દેવા અંગેની લેખિતમાં બાહેંધરી પત્રથી આપતા મલંગ કોલીયાએ તા.૧૬-૧-૧૩થી જન જાગૃતિનું આંદોલનને હાલ મોકુફ રાખ્યું છે.